
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ તુલા**

**આજના ગ્રહોની કુંડળી**




**ગુરુ અને શનિની ચાલ વક્રી છે ● રાત્રે સાડા બારે ચંદ્ર તુલામાંથી વૃશ્ચિકમાં જાય છે ● મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલુ છે ● મીનનો બુધ નીચનો છે ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** સાતમે ચંદ્ર ને બારમે સૂર્ય-બુધ-તરંગી-મનચલા-ગગનવિહારી બનાવે. જાતજાતના વિચારોથી તમો મૂંઝવણમાં મૂકાઈ જાઓ. શું કરવું, શું ન કરવું તેની સમજ ના પડે.

**વૃષભ** સાતમે વક્રી શનિ અને સ્વગૃહી મંગળની પૂરેપૂરી અસર તમારી રાશિ ઉપર વર્તાઈ રહી છે. શક્ય હોય તેટલી ભક્તિ-પૂજા-હનુમાન ચાલીસાના પાઠ વિગેરે કરવાથી દિવસ સારો જઈ શકે છે.

**મિથુન** છઠ્ઠે મંગળ, શનિની યુતિ તમારે માટે આજે શ્રેષ્ઠ છે. અગિયારસે શુક્ર થોડો નબળો છે. પાંચમે ચંદ્ર ઉત્તમ છે. સંતાનો તરફથી સુખ મળે, શત્રુ વિજય યોગ છે. ધારેલાં કામ પાર પડે.

**કર્ક** ભાગ્યમાં બુધ-સૂર્ય સારા છે, નીચભંગ રાજયોગ ભાગ્યમાં કરે છે, અણધાર્યા ભાગ્યોદય થાય. સંતાનો બાબતમાં તમારી ચિંતા છે, તે હવે હળવી થતી જણાશે, દિવસ સારો જશે.

**સિંહ** રાશિમાં ચાંડાલ યોગ સારો ગણાતો નથી પરંતુ ગુરુ મહાનાયક ગ્રહ છે, સૂર્ય પછી બીજા નંબરે કુંડળીનું સ્થાન ધરાવે છે તેથી બહુ ચિંતા કરવા જેવું જણાતું નથી, મિશ્ર દિવસ.

**કન્યા** સાતમે સૂર્ય, બુધ, બારમે રાહુ વિગેરે ગ્રહો તમારો આખો દિવસ અસમંજસમાં વિતાવે. તમારે શું કરવું, શું ન કરવું તેની સમજ ના પડે. પ્રભુ સ્મરણ કરશો તો ફાવશો.

**તુલા** રાશિમાં ચંદ્ર પ્રભાવવાળું વ્યક્તિત્વ આવે. લોકો આકર્ષાય. બીજે શનિ મંગળની યુતિ તમને જમીન, મકાનનાં કામોમાં આર્થિક લાભ, ફાયદો કરાવે. દિવસ સારો જાય.

**વૃશ્ચિક** રાશિમાં મંગળ સ્વગૃહી પ્રબળ થયેલ છે. શનિ વક્રી થયેલ છે. બંને ગૃહો તમારા વ્યક્તિત્વને ધારદાર બનાવે તેમ છે. મંગળ ઘણો સારો છે, જમીન મકાનમાં ફાયદો કરાવે.

**ધન** બારમે મંગળ-શનિની યુતિ છે જે વ્યર્થ ખોટા ખર્ચા કરાવે તેવા યોગ છે. ત્રીજે કેતુ શુક્ર ખોટા સાહસ, પરાક્રમ કરાવે. ચોથે બુધ ખોટા વિચારો લાવે.

**મકર** આઠમે રાહુ ગુરુની યુતિ સારી નથી ગણાતી. આઠમે બારમે રાહુ વારંવાર મોટાં નુકસાન કરાવે તેવો યોગ છે. મહાદેવની ભક્તિ પૂજા કરવાથી હેરાનગતિ ઓછી થશે.

**કુંભ** રાશિમાં શુક્ર અને સાતમે ગુરુ-રાહુની યુતિ તમોને વારંવાર તમારા જીવનસાથી સાથે વિસંવાદિતા ઊભી કરાવે. ધ્યાન રાખીને ચાલશો તો ફાવશો.

**મીન** રાશિમાં સૂર્ય બુધ બંને ગ્રહો નીચના થયેલ હોઈ કમૂરતા અને નીચ રાશિના બુધને કારણે તમોને વારંવાર નુકસાન થાય તેમ છે. ધ્યાન રાખીને ચાલશો.

# એક્સાઈઝ પ્રશ્ને રાજ્યભરના જ્વેલર્સની મહારેલી

અમદાવાદ, તા. ૨૬

ગોલ્ડ જ્વેલરી પર લાગુ કરવામાં આવેલા એક ટકાના એક્સાઈઝ ડ્યુટીના વિરોધમાં જ્વેલર્સ દ્વારા આજે મહારેલીનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં જ્વેલર્સ જોડાયા હતા. સવારે સાડા નવ વાગ્યાની આસપાસ ઈસ્કોન આર્કેડ પાસેથી મહારેલી નિકળી હતી. ત્યારબાદ આ રેલી સ્વસ્તિક ચારરસ્તાથી પંચવટી થઈને પરત ફરી હતી. મહારેલીમાં રાજ્યભરના જ્વેલર્સ જોડાયા હતા અને સરકાર પર દબાણ વધારી દેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. દક્ષિણ ગુજરાતના જ્વેલર્સ પણ હડતાળમાં સામેલ થયા હતા. ગુજરાત જ્વેલર્સ એસોસિએશન દ્વારા આજે આ મુજબનો દાવો કરીને કહેવામાં આવ્યુ હતુ કે મહારેલીમાં મોટી સંખ્યામાં લોકો પણ જોડાયા હતા. છેલ્લા ૨૬ દિવસથી ગુજરાતભરના જ્વેલર્સ હાલમાં હડતાળ પર છે. હડતાળના કારણે અભૂતપૂર્વ નુકસાન થઈ ચુક્યુ છે. જ્વેલર્સના પ્રતિનિધીઓ નાણાં પ્રધાન અરૂણ જેટલી સાથે વાતચીત પણ કરી ચુક્યા છે. મિડિયા સેલના આશિશ ઝવેરીએ વિગત આપતા કહ્યુ છે કે જ્વેલર્સ આવતીકાલે પણ હડતાળ પર રહેશે. હડતાળના કારણે કારીગરો પોતાના વતનમાં પણ જતા રહ્યા છે. હડતાળના કારણે આંગડિયા પેઢીની હાલત કફોડી બની ગઈ છે. આંગડિયા પેઢીનુ કામ ઠપ થઈ ગયુ છે. અત્રે નોંધનીય છે કે નાણાં પ્રધાન અરૂણ જેટલીએ સામાન્ય બજેટ રજૂ કરતી વેળા ૨૯મી ફેબ્રુઆરીના દિવસે ગોલ્ડ જ્વેલરી પર એક ટકા એક્સાઈઝ ડ્યુટી લાગુ કરવાની જાહેરાત કરી હતી. ત્યારબાદથી જ્વેલર્સ ભારે નારાજ થયેલા છે.




# રાજ્યભરમાં ઝાપટાં, ગાજવીજ સાથેના વરસાદની આગાહી

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત રાજ્યના કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવ્યા બાદ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતી જોવા મળે તેવી શક્યતા છે. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યુ છે કે અમદાવાદ શહેરમાં વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. છેલ્લા કેટલાક દિવસથી આવી સ્થિતી જોવા મળી રહી છે. રાત્રે અથવા તો મોડી સાંજે વરસાદની આગાહી કરવામાં આવી છે. હીટવેવની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. ગઈકાલની સરખામણીમાં આજે પારો આંશિકરીતે કેટલીક જગ્યાએ ગગડી ગયો હતો. ગઈકાલે સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં હિટવેવની સ્થિતી રહી હતી અને પારો ૪૦થી ઉપર પહોંચી ગયો હતો. હાલમાં તાપમાનમાં સતત ફેરફારના કારણે બાળકો અને મોટી વયના લોકો ભારે પરેશાન થયેલા છે. સાથે સાથે રોગચાળાના કેસો વધી ગયા છે. ખાસ કરીને પાણીજન્ય રોગના કેસો વધી રહ્યા છે. આજે અમદાવાદમાં વાતાવરણ આંશિકરીતે વાદળછાયુ રહ્યુ હતુ. અમદાવાદમાં આજે પારો ઘટીને ૩૮ ડિગ્રી થઈ ગયો હતો. જે ગઈકાલે શુક્રવારના દિવસે ૩૯.૮ સુધી પહોંચી ગયો હતો. વીવીનગર અને વડોદરામાં પારો આજે ઘટીને રહ્યો હતો. આજે બન્ને જગ્યાએ ક્રમશ મહત્તમ તાપમાન ૩૮.૨ અને ૩૯.૬ ડિગ્રી રહ્યુ હતુ. ગઈકાલે બન્ને જગ્યાએ પારો ૪૧.૨ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. લોકો ગરમીથી ભારે પરેશાન રહ્યા હતા. એક બાજુ હિટવેવની સ્થિતિ છે ત્યારે હળવા ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પણ શક્યતા દમણ દાદરાનગર હવેલીમાં દેખાઈ રહી છે. હવામાન વિભાગ તરફથી કોઈપણ ચેતવણી જારી કરવામાં આવી નથી. અમદાવાદ શહેરમાં ગરમીના પ્રમાણમાં હવે વધારો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વડોદરામાં પારો ૩૯.૬ ડિગ્રી રહ્યો છે.

# આજે કાગવડ ખાતે આયોજિત રેલીમાં લાખો પાટીદાર ઉમટી પડવાનો દાવો

રાજકોટ, તા.૨૬

કાગવડમાં આવતીકાલે પાટીદારોની એકતા યાત્રાને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. એકતા યાત્રામાં પાંચ લાખ લોકો ઉમટી પડે તેવો અંદાજ દેખાઈ રહ્યો છે. રાજકીય નેતાઓને મંચ પર સ્થાન નહીં આપવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. પાટીદારોનું શક્તિપ્રદર્શન જોવા મળે તેવી વકી છે.

અનામતની માંગણીને બુંલદ બનાવાય તેમ માનવામાં આવે છે. કાલે સાંજે મોવીયા ગામે એકતા યાત્રાની સૌથી મોટી જાહેરસભા યોજાશે. જ્યાં સમગ્ર ગુજરાતમાંથી ૨૫થી ૩૦ હજાર જેટલા પાસ કન્વીનર એકઠા થશે. ૨૭મીએ રુટમાં આવતા ગામડામાં થઈને એકતા યાત્રા કાગવડ તરફ રવાના થશે. જે બપોરે ૨ વાગે કાગવડ ધામ પહોંચી જાય તેવી શક્યતા છે. આ તકે ખોડલધામ મંદિરના ગેઈટ પાસે ૭૦ વિઘામાં મહાસભાના આયોજનની તૈયારીઓ ચાલી રહી છે. જેમાં ૫ લાખ લોકો ઉપસ્થિત રહેવાનો અંદાજ છે. ગુરુવારે રાત્રે મોટી મારડ ગામે એકતા યાત્રાનું સ્વાગત કરવા ૫૦૦ બાઈક સવાર પાટીદારો પહોંચી ગયા હતા. આ તકે યોજાયેલી સભામાં સમાજની એકતા જાળવવા, વ્યસન મુક્તિ તથા બેટી બચાવો અભિયાન તેજ કવરા અનુરોધ કરાયો હતો.

તેજાબી પ્રવચનમાં ક્રાંતિ માર્ગે કુચ કરવા આહવાન કરાયું હતું. યાત્રા સમાપન સમારોહમાં કાગવડ મુકામે પહોંચવા સ્વયંભુ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાજકોટ જિલ્લામાંથી ૩૦ હજાર જેટલા પાટીદારો કાગવડ ઉમટી પડે તેવો માહોલ સર્જાયો છે. સાંજે ચાર વાગ્યે માંડલીકપુર ખાતે પાટીદાર એકતા યાત્રાના સ્વાગત બાદ કાગવડ એકઠા થવા હાલ કરાઈ હતી. આ તકે રેશમા પટેલે આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલનમાં રાજકીય માણસો પોતાના સ્વાર્થના રોટલા શેકી નહીં શકે. આજે સાંજે જેતલસર ગામે લોકડાયરો યોજાશે. કાલે ખોડલધામે યોજાનાર મહાસભામાં ભાજપ-કોંગ્રેસના નેતાઓને નિમંત્રણ અપાયું છે પરંતુ કોઈને મંચ ઉપર સ્થાન નહીં અપાય અને જે રાજકીય નેતા હાજરી આપશે તેઓ પાસેથી પોતે આંદોલનની સાથે છે અને જરૂર પડશે તો સાથે ઉભા રહીશું તેવા લખાણવાળુ ફોર્મ ભરાવી સોગંદનામા કરાવાશે તેમ પાસના અગ્રીણીઓ જણાવ્યું હતું.




નવરચિત અરવલ્લી જિલ્લાનું નવીન જિલ્લા સેવાસદન નિર્ધારીત સમય કરતા દોઢ વર્ષ મોડુ તૈયાર થયા બાદ રૂપિયા ૩૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા જિલ્લા સેવાસદનનું શનિવારે બપોરે ૩ કલાકે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે થવાનું હોવાથી રાજ્યના મુખ્યમંત્રીને ખુશ કરવા જનમેદની એકઠી કરવા એસ.ટી. વિભાગીય તંત્ર દ્વારા સભાસ્થળે પ્રજાજનોને લાવવા ૨૦૦થી વધુ એસ.ટી. બસો આમ આદમીને હાલાકીનો વિચાર કર્યા વગર અનેક રૂટીન ટ્રીપો કેન્સલ કરી દેવાતા મુસાફરો રખડી પડ્યા હતા. એસ.ટી. બસો દોડાવવા છતાં પ્રજાજનોની નારાજગી દેખાઈ આવતી હતી. ગામડાઓમાં મુકેલી બસોમાંથી સભાસ્થળે પહોંચતા બસમાંથી માંડ ૮ થી ૧૦ લોકો જ ઉતરતા જિલ્લા વહીવટીતંત્ર અને ભાજપાના અગ્રણીઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા.

# એટેલિયર અર્બાન દ્વારા પ્રીમિયમ ફર્નિચર તથા હોમ ડેકોરની વ્યાપક રેન્જ

અમદાવાદ, તા. ૨૬

આજના આધુનિક ગ્રાહકોની તમામ જરૂરિયાતોને પૂર્ણ કરવા સક્ષમ એટેલિયર અર્બન એ એક અત્યંત ભવ્ય ફર્નિચર અને હોમ ડેકોર સ્ટોર છે જેનો શુક્રવારથી શહેરના આલ્ફા વન મોલ ખાતે પ્રારંભ થયો છે. ૧૨૦૦થી વધુ ચોરસફૂટમાં ફેલાયેલા આ શૉ-રૂમમાં એકસકલુઝિવ અને પ્રીમિયમ ફર્નિચર તથા હોમ ડેકોરની વ્યાપક શ્રેણી ઉપલબ્ધ છે જે ઉચ્ચત્તમ કળાત્મક અપીલ ધરાવે છે.

ફર્નિચર તથા હોમ ડેકોરની વ્યાપક શ્રેણીમાં કર્ટેઈન્સ, બેડ લિનનથી લઈને કેન્ડલ્સ સહિતની એક્સેસરીઝનો સમાવેશ થાય છે. પૂણે બાદ અમદાવાદમાં શરૂ થયેલો આ દેશનો એટેલિયરનો આ બીજો શૉ રૂમ છે. પૂણેના કોરેગાંવમાં આવેલો શૉ રૂમ એક એકર જેટલા વિશાળ વિસ્તારમાં ફેલાયેલો છે. જ્યાં ગ્રાહકોને તમામ પ્રોડક્ટસનો અનુભવ મળી રહે તે માટે વિવિધ પ્રોડક્ટસને વિલા પ્રકારના સેટિંગ્સમાં સજાવાઈ છે.

એટેલિયર અર્બાનમાં ઉપલબ્ધ તમામ પ્રોડકસની સંકલ્પના તથા ડીઝાઈન તેની ઈન-હાઉસ ટીમ દ્વારા તૈયાર કરાઈ છે. જે વર્ષોના તેમના અનુભવનું પરિણામ છે. એટેલિયરના પ્રિન્સિપલ ડીઝાઈનર રોહીના નાગપાલના જણાવ્યા અનુસાર દેશના અગ્રણી મેટ્રો તરીકે ઉભરી રહેલું અમદાવાદ એટેલિયર માટે એક આદર્શ સ્થળ સમાન છે. જ્યાં ગ્રાહકોને અત્યંત કાળજીપૂર્વક તૈયાર કરાયેલા ઉત્કૃષ્ટ ફર્નિચરની વ્યાપક રેન્જ ઉપલબ્ધ બનશે. એટેલિયરમાં હાઈ નેટવર્થ ધરાવતા ગુજરાતી ગ્રાહકોને ઈન્ટીરિયર ડીઝાઈન તથા કસ્ટમાઈઝડ ફર્નિચરના સોલ્યુશન્સ પણ ઉપલબ્ધ બનાવાશે.

## હાફ ટિકિટ પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે આ નિર્ણયથીબે કરોડ કન્ફર્મ સીટ અથવા તો બર્થ મળવાની શક્યતા છે. જેમાં મહિલાઓ અને સિનિયર સિટીઝન અથવા તો મહિલાઓનો સમાવેશ થાય છે. બે કરોડ સીટ એટલે કે દર વર્ષે ૨૦ હજાર વધારાની ટ્રેન અથવા તો રોજ ૫૪ વધારાની ટ્રેનો દોડાવવાના બરોબર છે. રેલવેના આ કઠોર નિર્ણય સામે વિરોધની શરૂઆત થાય તેવી શક્યતા છે. હજુ સુધી બાળકોને હાફ ટિકિટ પર અલગ સીટ મળવાની વ્યવસ્થા છે. હવે રેલવે દ્વારા નવા નિયમો લાવવામાં આવી રહ્યા છે. ભાડાના નવા નિયમો ૨૨મી એપ્રિલથી અમલી કરવાને લઈને રેલવે મક્કમ છે. રેલવે યાત્રીઓને વધુને વધુ સુવિધા આપવાને લઈને વ્યસ્ત છે. કારણ કે રેલવેની પ્રતિષ્ઠા સુધારવાના પ્રયાસ રેલવે પ્રધાન સુરેશ પ્રભુ કરવામાં લાગેલા છે. નવી નવી પહેલ કરાઈ રહી છે.રેલવે વધુ આવક મેળવી લેવા તૈયાર છે. સિનિયર સિટીઝનો અને મહિલાઓને આનાથી ફાયદો થશે. કારણ કે, વધારાની ટિકિટ ઉપલબ્ધ બનશે. જો કે, મધ્યમ વર્ગના પરિવારોને આનાથી નુકસાન થશે અને તેમના બજેટ બગડી જાય તેમ માનવામાં આવે છે. રેલવે અધિકારી માને છે કે, આનાથી યાત્રીઓને જ વધારાની ટિકિટ ઉપલબ્ધ થઈ શકશે.

## કેન્દ્રો ખુલ્લા રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ પરિક્ષા કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવી દેવામાં આવી છે. એકપણ પરિક્ષા ખંડમાં ટેબલેટ જોવા મળશે નહી તેમ પણ જણાંવાયુ છે. પરિક્ષા શાંતિપુર્ણ માહોલમાં યોજાય તે માટે જરૂરી તમામ વ્યવસ્થા પણ કરી દેવામાં આવી છે. ધોરણ -૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષામાં ચાર કેન્દ્રો તેમજ ૨૭ જેટલા પરિક્ષા સ્થળો પર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આજે પરિક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ માટે બેઠક વ્યવસ્થા જાણી શકાય તે માટે જિલ્લામાં વિવિધ પરક્ષા કેન્દ્રો ખુલ્લા રાખવામાં આવશે. અલબત્ત રવિવારે સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન પરિક્ષાની બેઠક વ્યવસ્થા વિદ્યાર્થીઓ જાણી શકશે. આ માટે તમામ પરિક્ષા કેન્દ્રો ખુલ્લા રહેશે પરંતુ કોઈપણ વિદ્યાર્થીને વર્ગખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહી. માટે બેઠક વ્યવસ્થા જાણવા માટે વર્ગખંડમાં જવા માટે આગ્રહ ન રાખવા પણ જણાંવાયુ છે.

## મુખ્યમંત્રીને રજૂઆત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે મહાત્મા ગાંધીના જન્મ સ્થળ કિર્તિમંદિર પોરબંદર,ગાંધીજીનો ડેલો ,રાજકોટ હાઈસ્કુલ જ્યાં તેમણે અભ્યાસ કર્યો ત્યાં કોઈપણ પ્રકારની ફી વસુલવામાં આવતી નથી.આ ઉપરાંત કોચરબ હાઈસ્કુલ, સાબરમત્તી આશ્રમ, દાંડી આશ્રમ, રાજઘાટ,દાંડી ખાતેનુ દાંડી સ્મારક પર કોઈપણ પ્રવેશ ફી વસુલવામાં આવતી નથી. ત્યારે ગાંધીનગરમાં સ્થિત મહાત્મા મંદિર નજીકની દાંડી કુટીરમાં ગાંધીજીને લગતા અધ્યતન પ્રદર્શનનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. ત્યારે મુલાકાતીઓ માટે દાંડીકુટીરની મુલાકાત માટે ફી નો દર નિયત કરવામાં આવ્યો છે. જયારે આ ફી વસુલીના આધારે સરકાર કઈ મોટી આવક ઉભી કરશે તે પણ વિચારવાની બાબત છે. શેહર વસાહત મહામંડળ દ્વારા આ મામલે મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવી છે કે દાંડીકુટીરની મુલાકાત માટે નાગરિકો તેમજ અન્ય મુલાકાતીઓ પાસેથી ફી વસુલવાનો આ નિર્ણય રદ કરવો જોઈએ.

## જાહેરનામુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ રજીસ્ટ્રેશનના વેરીફીકેશન સહિતની કામગીરી માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારીને નોડલ અધિકારી બનાવવામાં આવ્યા છે. આ માટે ૧૬ જેટલી ટીમો પણ કર્મચારી અધિકારીઓની બનાવવામાં આવી છે.

ગાંધીનગર મનપાની પ્રથમ ચૂંટણીમાં ૧૨૦૦ જેટલા ઈ. વોટર્સ નોંધાયા હતા. આ વખતે પણ સારી એવી સંખ્યામાં ઈ.વોટર્સની નોંધણી થશે તેવો વિશ્વાસ ચૂંટણીતંત્ર રાખી રહ્યું છે.

મહાનગરપાલિકાની ચૂંટણી માટે તંત્ર દ્વારા પણ તૈયારીઓનો ધમધમાટ આરંભી દેવામાં આવ્યો છે. બીજી તરફ આ ચૂંટણીની જવાબદારી માટે ૮ જેટલા નોડલ ઓફિસરોની પણ નિયુક્તી જિલ્લા તંત્ર દ્વારા કરી દેવામાં આવી છે.

મહાનગરપાલિકા માટેની ચૂંટણીના મતદાન મથકો પણ નિયત થઈ ગયા છે. ૮૦૦ થી ૧૦૦૦ મતદારોએ એક બુથ બનશે.

જિલ્લાતંત્ર દ્વારા ઈ.વી.એમ.નું ફર્સ્ટ લેવલ ચેકીંગ સંપન્ન થઈ ગયું છે. આ ઉપરાંત તંત્રએ રાજકીય પક્ષો સાથે બેઠક પણ કરી લીધી છે. મતદારયાદી ૫ મીએ જાહેર થઈ ગઈ છે અને તેમાં સુધારા-વધારાની કામગીરીનો તબક્કો પણ સંપન્ન થઈ જવા પામ્યો છે.

આ ચૂંટણી માટે બે રિટર્નીંગ ઓફિસરોની પણ નિયુક્તી કરી દેવામાં આવી છે. શહેરમાં રાજકીય ગતિવિધિનો ધમધમાટ પણ ધીમી ગતિએ શરૂ થઈ ગયો છે.

આ ચૂંટણી નવા સીમાંકન સાથે અને ૫૦ ટકા મહિલા અનામતના નવા નિયમની સાથે એક વોર્ડમાં ૪ બેઠકો માટે જંગ લડાશે. આ ચૂંટણીમાં ઉમેદવારો વધશે તેમ રાજકીય નિરીક્ષકોનું માનવું છે. ભાજપ-કોંગ્રેસ ઉપરાંત શહેરના નાગરિકોએ રચેલ પક્ષ તેમજ આમ આદમી પાર્ટી સહિત અન્ય પક્ષો પણ જંગમાં ઝંપલાવશે તેવુ મનાઈ રહ્યું છે.

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

ગયેલા આ સફળ ગીતકારે શરૂઆત સલમાનની જ ફિલ્મ ગર્વ થી કરેલી અને આજે એની કલગીમાં તેરા સુરુર, કિસ કિસ કો પ્યાર કરું, સિંઘમ રીટર્ન અને કિક જેવી સફળ ફિલ્મો છે. મોટાભાગે અને જેને લીધે ગીતો લખતો થયો એવા મહેશ ભટ્ટની ફિલ્મો માટે લખતા સૈયદ કાદરી પણ છે કે જેણે મર્ડરનું 'ભીગે હોઠ તેરે' લખેલું. આ બધાની સાથે સાથે નીવડેલા - પ્રસ્થાપિત અને લોકપ્રિય ગુલઝાર અને જાવેદ અખ્તર સાહેબ તો હિન્દી ફિલ્મી રસિકોની સેવામાં અડીખમ છે જ પણ હિન્દી ફિલ્મી ગીતકારોની આ નવી પેઢી અવનવા શબ્દોનો ગીતમાં પ્રયોગ કરીને હિન્દી ફિલ્મી સંગીતના બીબાઢાળપણામાં કશુક નવીન - રોચક અને કર્ણપ્રિય લાવે છે એ ચોક્કસ છે. આજના આધુનિક હિન્દી ફિલ્મ મ્યુઝીકમાં કે જ્યાં ધૂન પહેલા બને છે અને શબ્દો પછી ફીટ થાય છે એવા માહોલમાં કાવ્યાત્મક તત્વને અકબંધ રાખીને લોકપ્રિય ગીતો રચવા પણ એક સિદ્ધિ જ ગણાય. નવી પેઢી ને ગમે એવા કરંટ હિન્દી શબ્દોની સાથે પરંપરાગત ઉર્દુનું બરાબર મિશ્રણ કરીને યુવાનો ને એમને ટચ કરી જતી બોલીમાં ગીતો પીરસતા આ કલમવીરો માટે પ્રસુન જોશી કહે છે એમ 'આખરે તો ગીત એ પણ એક સંવાદ જ છે...!!'

- akurjt@gmail.com

## વન્યસૃષ્ટિ પરિચય ● ૪ પાનાનું ચાલુ...

આ અંદાજો/અનુમાનો હકીકત બની રહ્યા છે. હિમનદીઓ, ધ્રુવીય બરફની ચાદરો, ગ્રીન લેન્ડ તથા પશ્ચિમ એન્ટાર્કટીકા જેવા વિશ્વના હિમાચ્છાદિત વિસ્તારો પીગળી રહ્યા છે. પૃથ્વીનું તાપમાન વધી રહ્યું છે, નુકશાનકારક વાવાઝોડાઓનું પ્રમાણ વધી રહ્યું છે, હવામાનમાં અનિયમિતતાઓ અનુભવાઈ રહી છે. ધરતી અને સમુદ્રી જીવોની વસતિ સતત ઘટી રહી છે. શું માનવો આ બધી સમસ્યાઓનું નિરાકરણ કરી માનવજાતને બચાવી શકશે?

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

પરંતુ મન મક્કમ રાખવાથી આમાંથી બહાર આવી શકાય છે. અથવા ચાના વિકલ્પે રોજ સવારે થોડા ગરમ પાણીમાં આંબળાના નાના ટૂકડાઓ કે એલોવીરા નાખીને પીવું જોઈએ. અથવા દરરોજ સવારે હૂંફાળા ગરમ પાણીમાં સહેજ લીંબુ ને મધ નાખીને પણ પી શકાય છે જે શરીરના સ્વાસ્થ્ય માટે ખુબ જ ગૂણકારી છે. તો વળી ગરમ પાણીમાં જુદા જુદા ફૂલોની પાંખડીઓ નાખીને પણ પી શકાય છે. જાપાનમાં લોકો આવી જ ચા પીવે છે. એટલે જ તેઓ સ્વસ્થ અને દીર્ઘાયુ છે.

આમ ચા એ ૨૧મી સદીનું લોકપ્રિય અને નુકશાનપ્રિય પીણું છે એની વૈશ્વિક ખ્યાતિ કોઈ છીનવી શકે એમ નથી. છતાંય આવો આપણે સૌ સાથે મળીને ચાને સામૂહિક રીતે તિરસ્કૃત કરીએ અને રોજ સવારે કે બપોરે એના વિકલ્પે બે ત્રણ ગ્લાસ ફૂંફાળું પાણી પીવાનું શરું કરીએ.

# ઊંઝા ખાતે નાટક અને રંગમંચ ઉપરના આંતરરાષ્ટ્રીય પરિસંવાદનો પ્રારંભ

ઊંઝા, તા. ૨૬

ઊંઝા ખાતે સ્થિત બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજના સુવર્ણ જયંતિ વર્ષ નિમિત્તે મા ઉમિયાના પવિત્રધામ અને જાણીતા લોક કલાકાર અસાઈત ઠાકરની કર્મભૂમિ ઊંઝામાં ગુજરાતી અસાઈત સાહિત્ય સભા શ્રી બી.પી. બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ.એચ. ગુરૂ કોમર્સ કોલેજ, ગુજરાતી સાહિત્ય અકાદમી અને ગુજરાત રાજ્ય સંગીત-નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય નાટ્ય પરિષદનો શુભારંભ થયો હતો. આ ત્રિદિવસીય નાટ્ય મહોત્સવ દરમ્યાન જુની રંગભૂમિના ખ્યાતનામ નાટકો-નોખો નાગર નરસૈયો, ગરીબ કન્યા યાને એક જ ભૂલ અને સોક્રેટીસ યોજાશે. આજના ત્રિદિવસીય મહોત્સવના ઉદ્ઘાટન સમારોહમાં ઉદ્ઘાટક તરીકે જૂના જમાનાની ખ્યાતનામ કલાકાર દામિની મહેતા હાજર રહ્યા હતા. ઉદ્ઘાટન સમારોહના અધ્યક્ષપદે તેમજ નાંદી પ્રવચનકાર તરીકે ગુજરાતી સાહિત્ય અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે આંતરરાષ્ટ્રિય કથાકાર તરીકે ખ્યાતિ ધરાવનાર રમેશચંદ્ર આચાર્ય તેમજ જાણીતા સાહિત્યકાર ચીનુ મોદી હાજર રહ્યા હતા. આ પરિષદમાં ભારતભરમાંથી લગભગ ૪૦૦ જેટલા ડેલિગેટ્સ હાજર રહ્યાં હતાં. ઉદ્ઘાટન સમારોહના સમારંભ બાદ જાણીતા વ્યંગકાર નિર્મિષ ઠાકર દ્વારા રચિત વિશ્વની શ્રેષ્ઠ નાટ્ય પ્રતિભાઓના વ્યંગ ચિત્રોના પ્રદર્શનનું પણ ઉદઘાટન કરવામાં આવ્યું. કોલેજના આચાર્યશ્રી ડૉ. રાકેશ રાવે ઉપસ્થિત મહેમાનોનો પરીચય આપ્યો હતો.

ટચૂકડી જાહેર ખબર

**ફ્લેટ વેચવાનો છે**

સાતમા પગાર પંચથી ભાવ વધારો થાય તે પહેલા ગાંધીનગરના વિકસીત વિસ્તાર સરગાસણ ચોકડી નજીક પ્રમુખ ઓરામાં ઉમ્ઉઁદ્ધ ગાર્ડન ફેસીંગ, ચોથા માળે, હવા-ઉજાસવાળો ૧૮૩ સ્કેર ફીટ સુપર બિલ્ટઅપ બાંધકામ, તદ્દન નવો, લકઝુરીયસ ફ્લેટ વેચવાનો છે.

સંપર્ક : બ્રિજેશ યાદવ
મો. : ૯૩૭૭૪૪૨૧૧૩

**Change of Name**

Old Name : Hareshkumar Naranji Borisagar
New Name : Hareshbhai Naranji Borisagar
Adds : 35, Jahnvi Bunglows-IV, New CG Raod, Opp. Sakar School, Chandkheda, Ahmedaba-382424